# <u>આવેદનપત્ર</u>

**પ્રતિશ્રી,**
**શ્રી રમણ**લાલ વોરા
**માન. શિક્ષણમંત્રીશ્રી**
ગુજરાત રાજ્ય
ગાંધીનગર

**તા. ૧૨-૩-૨૦૧૨**

**વિષયઃ- પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (આચાર્ય) ની ભરતી માટે બેંક દ્વારા પગાર સાથેનો અનુભવ દુર કરવા બાબત.**

**માનનીય શિક્ષણમંત્રીશ્રી,**

જય ભારત સાથ જણાવવાનું કે ગુજરાત રાજ્યનાં શિક્ષણ વિભાગનાં તા. ૧૮-૧-૨૦૧૨ ના જાહેરનામા અન્વયે રાજ્ય સરકાર પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (આચાર્ય) ની ભરતી કરવા જઇ રહી છે. આ માટે રાજ્ય પરિક્ષા બોર્ડ દ્વારા અભિયોગ્યતા કસોટી (HTAT) યોજી તેના પરિણામો પણ જાહેર કરેલ છે.

આચાર્યો માટેની આ નવી કેડર માટે રાજ્ય સરકાર જુના શિક્ષકોને બઢતીથી અને ફ્રેશ ઉમેદવારોની ૧:૧ ના રેશિયોમાં નિમણૂંક કરવાની છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં આચાર્યની પોસ્ટ માટે મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) માં પાસ થવું જરૂરી છે. આ ઉપરાંત રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડેલ તા. ૨૯-૨-૨૦૧૨ ના અનુભવ અંગેના પરિપત્ર (જી.આર.) માં નીચેની બાબતો ફરજીયાત ગણેલ છે.

(૧) સરકારી, બિન–સરકારી (ગ્રાન્ટેડ) કે ખાનગી (નોન–ગ્રાન્ટેડ) શાળાના પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ઓછામાં ઓછો પાંચ (૫) વર્ષનો અનુભવ.

**(૨) ઉપરોક્ત અનુભવ દરમ્યાન જે તે શાળા દ્વારા શિક્ષકને બેંક મારફતે પગાર ચૂકવવામાં આવે છે / આવતો હતો. એ અંગેના પુરાવા જેવા કે બેંકનું નામ, શાખા અને ખાતા નંબર.**

અમે નીચે સહી કરનાર ખાનગી (નોન–ગ્રાન્ટેડ) શાળાઓમાં શિક્ષક તરીકેનો અનુભવ મેળવેલ શિક્ષકોની સમસ્યા એ છે કે **રાજ્ય સરકાર માન્ય રાજ્યમાં ચાલતી મોટા ભાગની ખાનગી (નોન–ગ્રાન્ટેડ) શાળાઓમાં શિક્ષકોને બેંક મારફતે પગાર કરવાને બદલે રોકડેથી જ પગાર ચૂકવવામાં આવે છે.** તેથી રાજ્યમાં ખાનગી શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગનો બેંક મારફતે પગાર વિશેનો પરિપત્ર અન્યાય રૂપ છે.

**ઉપરોક્ત બેંક મારફતે પગાર સાથેના અનુભવ વિશેનો પરિપત્ર અમારા જેવા ફ્રેશ ખાનગી શાળાઓમાંના શિક્ષકો પાસેથી પૂરતો અનુભવ હોવા છતાં પ્રાથમિક શાળાઓમાં આચાર્ય બનવાની સોનેરી તક ઝૂંટવી લે છે.** જો ઉપરોક્ત બેંક મારફતે પગાર સાથેના અનુભવ બાબતના પરિપત્રમાં યોગ્ય સુધારો કરવામાં આવે તો અમારા જેવા ખાનગી શાળાઓના ઉમેદવારોને યોગ્ય ન્યાય મળી શકે તેમ છે.

અમે આપશ્રીને વિનંતી કરીએ છીએ કે આપશ્રી અમારા જેવા ફ્રેશ ઉમેદવારોની લાગણીને ધ્યાનમાં લઇ યોગ્ય ન્યાય કરશો.

આભાર.

**આપના વિશ્વાસુ**

**(૧) ગાંભવા રાજેશકુમાર વાઘજી**

**(૨) ભીમાણી ચેતનકુમાર વિનોદરાય**

**(૩) ઓગાણજા રાકેશ ચતુરભાઇ**

**(૪) કૈલા અશ્વિનકુમાર રાજેન્દ્રભાઇ**

**(૫) સોલંકી પ્રકાશ રતિલાલભાઇ**